# ઓન્ટેરીયો ચાઈલ્ડ બેનીફીટ

ઓન્ટેરીયો ચાઈલ્ડ બેનીફીટનો ઓછી આવકવાળા કુટુંબોને પોતાના બાળકોને મદદ કરવા માટેનો પ્રાન્તનો આ કાર્યક્રમ છે. જો તમને બાળકો હોય અને ઓછી આવકનું કુટુંબ હો, તો આ બેનીફીટ મેળવવા માટે તમે કદાચ યોગ્યતા ધરાવી શકો છો.

## ઓન્ટેરીયો ચાઈલ્ડ બેનીફીટ - આવશ્યક યોગ્યતાનું ચેકલિસ્ટ

તમારા કુટુંબની આવકના આધાર પ્રમાણે, તમે ઓન્ટેરીયો ચાઈલ્ડ બેનીફીટ મેળવવાની યોગ્યતા ધરાવી શકો, જોઃ

- તમારે ૧૮ થી ઓછી ઉંમરનુ બાળક હોય
- તમે ઓન્ટેરીયોના રહેવાસી હો
- તમે તમારું ઈનકમ ટેક્સ રિટર્ન ભર્યુ હોય, અને તમારા જીવનસાથી અથવા તમારા કોમન લૉ પાર્ટનરે પણ ઈનકમ ટેક્સ રિટર્ન ભર્યુ હોય
- તમે ફેડરલ કેનેડા ચાઈલ્ડ ટેક્સ બેનીફીટ માટે નોંધણી કરી હોય

## આ કાર્યક્રમ કેવી રીતે કામ કરે છે?

તમારે ઓન્ટેરીયો ચાઈલ્ડ બેનીફીટ માટે અરજી કરવાની જરૂર નથી. જ્યારે તમે અને તમારા જીવનસાથીએ અથવા તો કોમન લૉ પાર્ટનરે વાર્ષિક ઈનકમ ટેક્સ રિટર્ન ભર્યુ હશે તો તમને આપોઆપ તે માટે ગણવામાં આવશે. તમારા વાર્ષિક ઈનકમ ટેક્સ રિટર્નમાં તમારી આવક જણાવ્યા ઉપરથી તમને કેટલી રકમ મળશે તેનું નિવારણ થશે. તમારે ફેડરલ કેનેડા ચાઈલ્ડ ટેક્સ બેનીફીટ માટે પણ નોંધણી કરાવવી પડશે.

## હું કેટલી રકમ મેળવી શકીશ?

જો તમે યોગ્યતા ધરાવશો, તો તમારે ૧૮ વરસની નીચેની ઉંમરના બાળકો કેટલા છે તથા તમારી કૌટુંબિક આવકનું મૂલ્યાંકન કેનેડા રેવેન્યુ એજન્સીએ કર્યુ હશે તેના આધારે તમારું રકમ મેળવાનું નિર્ધારિત કરવામાં આવશે.

દાખલા તરીકે, જો તમારે બે બાળકો હોય અને તમારા કુટુંબની કુલ આવક ૨૫,૦૦૦ ડોલરની હોય, તો તમને જુલાઈ, ૨૦૦૮ થી જૂન ૨૦૦૯ દરમિયાન દર મહિને કુલ ૬૭ ડોલર મળશે. જુલાઈ ૨૦૧૧ માં જ્યારે આ કાર્યક્રમ સંપુર્ણ રીતે અમલમાં મુકાઈ ગયો હશે, ત્યારે આ રકમ મહિને ૧૫૦ ડોલર સુધી વધી જશે.

**ઓન્ટેરીયો ચાઈલ્ડ બેનીફીટ પર વધુ માહિતી જોઈએ છે?**

તમે **www.Ontario.ca**/childbenefit ની વેબસાઈટ પર ઓનલાઈન વધુ માહિતી મેળવી શકો છો

ઓન્ટેરીયો ચાઈલ્ડ બેનીફીટની સામાન્ય માહિતી માટે ટોલ ફ્રી નંબર્સ પર ફોન કરોઃ
૧-૮૬૬-૮૨૧-૭૭૭૦
ટી.ટી.વાય ૧-૮૦૦-૩૮૭-૫૫૫૯

તમારા પૈસાની ચૂકવણી બાબતમાં તમારા વિશિષ્ટ પ્રશ્નો માટે **કેનેડા રેવેન્યુ એજન્સી**ને ટોલ ફ્રી નંબર્સ પર તમે ફોન કરી શકશોઃ
૧-૮૦૦-૩૮૭-૧૧૯૩
ટી.ટી.વાય ૧-૮૦૦-૬૬૫-૦૩૫૪

**અન્ય સહાયતાઃ**

**ટૅક્સના ફોર્મ ભરવા માટે મદદની જરૂર છે?**

ટૅક્સ પૅકેજિઝ અને વધુ માહિતી માટે તમે ૧-૮૦૦-૯૫૯-૮૨૮૧ પર ફોન કરીને કેનેડા રેવેન્યુ એજન્સીનો સંપર્ક કરી શકશો અથવા તો વેબસાઈટ **www.cra.gc.ca/forms** પર મુલાકાત લઈ શકશો.

**કેનેડા ચાઈલ્ડ ટૅક્સ બેનીફીટ પર માહિતી જોઈએ છે?**

જો તમે ફેડરલ કેનેડા ચાઈલ્ડ ટેક્સ બેનીફીટ માટે નોંધણી ન કરી હોય, તો ૧-૮૦૦-૩૮૭-૧૧૯૩ પર ફોન કરીને કેનેડા રેવેન્યુ એજન્સીનો તમે સંપર્ક કરી શકશો અથવા તો વધુ માહિતી માટે વેબસાઈટ **www.cra-arc.gc.ca/benefits/cctb** પર મુલાકાત લઈ શકો છો.